અનુસૂચિત જાતિઓ / અનુસૂચિત જનજાતિઓ /
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા
આર્થિક રીતે પછાતવર્ગોની કુમારિકાઓના
લગ્ન પ્રસંગે મામેરું / મંગલસૂત્રની યોજના બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સ. ક. પ્રભાગ)
ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ ૧૦૯૧-૯૭૫(૯૫)/જ
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૨-૫-૧૯૯૫

વંચાણમાં લીધો : સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-
૧૦૯૧-૬૪૫-જ. તા. ૮-૫-૯૧.

રાજ્યમાં અનુસૂચિત જાતિઓની કુમારિકાઓને લગ્નપ્રસંગે રૂપિયા ૧૫૦૦/-ની આર્થિક સહાય આપવાની મંગલસૂત્રની યોજના વંચાણે લીધેલ તા. ૮-૫-૯૧ ના ઠરાવથી હાલમાં અમલમાં છે. પ્રજાકીય સરકારે સત્તાનાં સૂત્રો સંભાળ્યા બાદ સરકારના સંકલ્પ પત્રના મુદ્દા - "અનુસૂચિત જાતિ/ જનજાતિ/ બક્ષીપંચ/ માંડલપંચની કોમોની અને આર્થિક રીતે પછાત મહિલા માટે રૂ. ૫૦૦૦/- નું મામેરું, મંગલસૂત્રની યોજના" ના સંદર્ભમાં રાજ્યની અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક પછાતવર્ગોની બહેનોને લગ્ન પ્રસંગે રૂ. ૫૦૦૦/- નું મામેરું મંગલસૂત્ર આપવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી. આ બાબતે સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણા કર્યા બાદ હાલની અનુસૂચિત જાતિની કુમારિકાઓને લગ્ન પ્રસંગે રૂ. ૧૫૦૦/- ની મંગલસૂત્રની યોજનામાં ફેરફાર / સુધારો કરીને હાલના તબક્કે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં (મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર સિવાય) અનુસૂચિતજાતિ / અનુસૂચિત જનજાતિ / સા. શૈ. પ. વ તથા આર્થિક રીતે પછાતવર્ગોના ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની કુમારિકાઓના લગ્ન પ્રસંગે મામેરું - મંગલસૂત્રની નવી યોજના હેઠળ રૂ. ૫૦૦૦/- ની આર્થિક સહાય આપવાનું સરકારશ્રી આથી ઠરાવે છે.

આ મામેરું - મંગલસૂત્ર યોજનાનો / લાભ લાભાર્થીઓને નીચેની શરતોને આધીન રહીને આપવાનો રહેશે.

(૧). આ યોજના માટે માતા-પિતા/વાલીની વાર્ષિક આવક રૂ. ૭૫૦૦/- રહેશે.

(૨) આ યોજનાનો લાભ કુટુંબની પુખ્ત વયની બે કુમારિકાના લગ્ન વખતે

[illegible]

(૩) આ યોજનાના લાભ માટે લગ્નના જરૂરી આધાર/પુરાવા રજુ કરવાના રહેશે. કન્યાના માતા-પિતા/વાલીએ આ યોજનાનો લાભ અગાઉ લીધેલ નથી તેવી બાંહેધરી આપવાની રહેશે.

(૪) આમુખમાં જણાવેલ તા. ૮-૫-૯૧ ના ઠરાવ તથા તેમાં વખતો વખત થયેલા સુધારા મુજબની અન્ય શરતો યથાવત રહેશે.

૨. આ યોજનાનો અમલ તા. ૧-૫-૧૯૯૫ થી કરવાનો રહેશે.

૩. આ અંગેનું ખર્ચ અનુ.જાતિ/અનુ.જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ આર્થિક રીતે પછાતવર્ગોના સબંધિત બજેટ સદરે પાડવાનું રહેશે. અને ચાલુ વર્ષની પ્લાન સીલીંગની મર્યાદામાંથી મેળવવાનું રહેશે.

૪. આ હુકમો સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા. ૨-૫-૯૫ થી નાણાં વિભાગની સંમતિ મેળવીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/
(ટી. સી. એ. રંગદુરાઇ)
અધિક મુખ્ય સચિવ
સમાજ કલ્યાણ વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી વિકસતિજાતિ કલ્યાણ ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ક્રમાંક: વિજા/ક-જર્ન-૯૫-૭૭૧
નિયામક વિકસતિજાતિ કલ્યાણ ખાતું
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૪
ત્રીજે માળ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તારીખ: ૪-૫-૯૫

પ્રતિ
સમાજકલ્યાણઅધિકારી (વિજા) તમામ
ઉકત ઠરાવમાં દર્શાવ્યા મુજબ અમલવારી કરવા સારુ

નાયબ નિયામક
વિકસતિજાતિ કલ્યાણ ખાતું
ગુ. રા. ગાંધીનગર

નકલ રવાના: જાણ સારુ
વડી કચેરી